થર્ટી ફર્સ્ટે જિલ્લામાં માત્ર પાંચ જણાએ જ દારૂ પીધો..!

દારૂ પીને છાકટા બની નીકળેલા શખ્સોને પકડવા તૈયાર કરેલા પોલીસનાં એકશન પ્લાનમાં પાંચ ઝપટે ચઢયા

ગાંધીનગર, તા.૧

ગાંધીનગર જિલ્લા પોલીસ દ્વારા થર્ટી ફર્સ્ટે દારૂડીયા (પીધેલા) શખ્સોને પકડવા માટે ખાસ એકશન પ્લાન તૈયાર કરવામાં આવ્યો હતો. આ સમગ્ર એકશન પ્લાનમાં પોલીસના હાવમાં માત્ર પાંચ જ દારૂ પીને છાકટા બનેલા શખ્સો આવ્યા હતાં. આખા જિલ્લામાં માત્ર પાંચ જ જણાંએ દારૂ પીધો હતો? તે પણ એક સવાલ છે...!

સેકટર-૭ પોલીસે તેમની હદ વિસ્તારમાંથી ચાર શખ્સોને પીધેલી હાલતમાં પકડયા હતાં. જેમાં પારીજાત એપાર્ટમેન્ટ સે-૧૩ ખાતે રહેતાં કેયુર સુરેશભાઈ પટેલે, રાયસણના સંગાથ ફ્લેટમાં રહેતો શ્રી હરીસુખ આચાર્ય, સે-૭-બીમાં રહેતો જયેશ જયંતીભાઈ ભટ્ટ દારુ પીધેલી હાલતમાં ફરતાં પોલીસના હાથે ઝડપાઈ ગયા હતાં. તે ઉપરાંત કાનન રેસીડેન્સી ખાતે રહેતા વિરેન્દ્રસિંહ છત્રસિંહ વાઘેલા દારૂ પીધેલી હાલતમાં ગાડી ચલાવતા ઝડપાઈ જતાં તેમની પણ ગાડી જપ્ત કરી ધરપકડ સે-૭ પોલીસે કરી લીધી હતી. સે-૭ પોલીસે રાત્રી દરમ્યાન ચાર શખ્સોને પકડયા હતાં. જો કે પી.આઈ. જે.એમ. ભરવાડની ધાકને પગલે આ વિસ્તારમાં દારુ પીધેલી હાલતમાં ફરવાની હિંમત પણ કોઈએ કરી ન હતી તે વાત પણ તેટલી જ સત્ય છે તો બીજી તરફ રાંધેજા પાસેથી બિપીનચંદ્ર વિનુભાઈ જાનીને પીધેલી હાલતમાં પેથાપુર પોલીસે ઝડપ્યો હતો.

જિલ્લામાંથી પાંચ જણાં પીધેલી હાલતમાં પકડાયા પરંતુ બીજા પોલીસ મથકમાં કોઈ પોલીસને એક પણ પીધેલો વ્યકિત પણ મળ્યો નથી તે એક આશ્ચર્યની વાત છે. જો કે એલસીબીની ટીમે રાત્રે ઉવારસદથી એક શખ્સને દારુની બોટલો સાથે ઝડપી પાડયો હતો. સે-૭, પેથાપુર અને એલસીબીની પોલીસ ટીમ સિવાય એકેય પોલીસને પોતાની હદમાં દારૂડીયો પણ ન મળ્યો કે જયાં દારૂ પણ બમણા ભાવે વેચાયો હતો...!

ઉવારસદથી ૬૪ બોટલ દારૂ સાથે એલસીબીએ બુટલેગરને ઝડપી લીધો

ગાંધીનગર એલસીબીની ટીમે થર્ટી ફર્સ્ટ માટે ઉવારસદનો બુટલેગર રતાજી રવાજી ઠાકોર દારૂ વેચવાના વેતમાં હોવાની બાતમી મળતા દરોડો પાડી રાત્રે બુટલેગરને ૬૪ નંગ વિદેશી દારુની બોટલો સાથે ઝડપી લીધો હતો. એલસીબીની ટીમે રૂ. ૧૩૬૦૦ની કિંમતનો દારુ કબ્જે લઈ બુટલેગરની ધરપકડ કરી પુછપરછ શરુ કરી છે.

દેશી દારુની હેરાફેરીમાં મહિલાઓને સાથે રાખીને રિક્ષાઓ દોડાવાય છે..!

ચિલોડા પોલીસે બે રિક્ષાઓ, ૧૫૦ લીટર દેશી દારૂ સાથે ચારને ઝડપી લીધા : બે મહિલાઓ પણ સામેલ

દેશી દારુની હેરાફેરી કરતી રિક્ષાઓ માં ખેપ મારતા બુટલેગરોએ નવી મોડસ ઓપરેન્ડી અપનાવી છે. પોલીસને શંકા ન જાય તે માટે બુટલેગરો રિક્ષામાં દેશી દારુ ભરીને સાથે એક મહિલાને પણ બેસાડે છે. મહિલા બુટલેગર મુસાફર બનીને બેસે એટલે પોલીસને શંકા ન જાય..! આ પ્રકારની બે રિક્ષાઓને ચિલોડા પોલીસે પકડી હતી. મહુન્દ્રા પાટીયા પાસેથી ૫૦ લીટર દેશી દારુ સાથે નરોડાના સંદિપ ઠકકર અને મોડાસાની અંબિકાબેન પરમારની રિક્ષા કબ્જે કરીને ધરપકડ કરવામાં આવી હતી. જયારે ઘણપ પાટીયા પાસેથી ૧૦૦ લીટર દેશી દારુ સાથે બાપુનગરનાં ધર્મેન્દ્ર શ્યામલાલ અને મોડાસાની ઉર્મિલાબેન પરમારની રિક્ષા સાથે ધરપકડ કરી બંને મળીને ૧૫૦ લીટર દેશી દારુ, બે રિક્ષાઓ મળી રૂ. ૧.૧૮ લાખના મુદામાલ સાથે ચારની ધરપકડ કરવામાં આવી હતી.

બુટલેગરોએ બોટલના ભાવ ત્રણ ગણા વધારી દીધા..!

ગાંધીનગર શહેરની આસપાસના વિસ્તારોના બુટલેગરોએ દારુની બોટલોની ન્યુ યર પાર્ટીને પગલે માંગ ખુબ વધી જતાં ભાવ ત્રણ ગણા વધારી દીધા હતાં. સુત્રોના જણાવ્યા મુજબ જે બોટલ સામાન્ય રીતે દરરોજ ૪૦૦-૪૦૦માં બુટલેગરો વેચતા હતા તે જ બોટલના થર્ટી ફર્સ્ટે સાંજથી ૧૦૦૦થી ૧૨૦૦ રૂપિયા ખંખેરવામાં આવ્યા હતાં.

સેકટર-૨૩ સ્વામિનારાયણ મંદિરના પૂજ્ય શાસ્ત્રી સ્વામીશ્રી હરિકેશવદાસજીનો ૫૭મો દિક્ષા પર્વ ભાવપૂર્વક ઉજવાયો હતો. સત્સંગીઓએ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી ગુરુજીના આર્શીવાદ પ્રાપ્ત કર્યા હતા. આ પ્રસંગે ગરીબો-વંચિતોને બિસ્કિટનું વિતરણ કરાયું હતું.

સરકારી આવાસોમાં બિનઅધિકૃત કબજેદારો સામે કોર્ટ કેસ દાખલ કરાશે

નિવૃત્તિ, બદલી અને અવસાનના કિસ્સામાં ગેરકાયદેસર કબજેદારોની યાદી તૈયાર

ગાંધીનગર, તા.૧

સરકારી કર્મચારીઓને ફાળવવામાં આવેલ સરકારી આવાસો નિવૃત્તિ, બદલી અને અવસાનના કિસ્સામાં ખાલી ન કરી ગેરકાયદેસર કબજો ધરાવતા બિનઅધિકૃત કબજેદારોની તંત્ર દ્વારા યાદી તૈયાર કરી દેવાઈ છે. ટૂંકમાં જ આ મામલે કોર્ટ કેસ દાખલ કરવામાં આવશે.

શહેરના સરકારી આવાસોને અનુલક્ષી ભાડા વધવાની શાખાની કામગીરી કોમ્પ્યુટરાઈઝ કરવા આયોજન હાથ ધરાયું છે. સરકારી આવાસોની ફાળવણી ઉપરાંત તેના ઉપયોગ સહીત ભાડા વસુલવાની પ્રક્રિયા વધુ પારદર્શક બને તેવા પ્રયાસો હાથ ધરાયા છે. અગાઉ પણ શહેરના સરકારી આવાસોમાં ગેરકાયદેસર કબજો ધરાવતા પેટા ભાડુઆતો સામે તંત્ર દ્વારા કડક કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. આ ઉપરાંત કર્મચારીઓની નિવૃત્તિ, બદલી અને અવસાનના કિસ્સામાં પણ બિનઅધિકૃત કબજો ધરાવતા કબજેદારોને કોર્ટ રાહે લઈ જવાયા હતા. શહેરના આવાસોમાં બિનઅધિકૃત કબજેદારોને દૂર કરવા તંત્ર દ્વારા છેલ્લા કેટલાક સમયથી અભ્યાસ હાથ ધરાયો હતો. જેના અંતે સેકટરોમાં સ્થિત જુદી જુદી કક્ષાના સરકારી આવાસોમાં બદલી, નિવૃત્તિ અને અવસાનના કિસ્સામાં પણ ગેરકાયદેસર કબજો ધરાવતા હોય તેવા કબજેદારોની યાદી તૈયાર કરી દેવાઈ છે. ભાડા વસુલાતી શાખાના અંતરંગ સૂત્રોમાંથી પ્રાપ્ય થતી માહિતી અનુસાર બિનઅધિકૃત કબજેદારોની યાદી તૈયાર કરી દેવાઈ છે. હવે ટૂંકમાં આવા કિસ્સાઓ સંદર્ભે કોર્ટ કેસ દાખલ કરવામાં આવશે.

જાન્યુઆરીમાં માર્ગ સલામતી સપ્તાહ ઉજવાશે

૧૧ થી ૧૭ જાન્યુઆરી સુધી યોજાનાર આ સપ્તાહમાં વિવિધ લોક જાગૃતિ કાર્યક્રમ યોજાશે

ગાંધીનગર, તા.૧

જાન્યુઆરીના પહેલા સપ્તાહમાં ગાંધીનગરમાં માર્ગ સલામતીના નામે મીંડુ ચિતરાય તેવી સ્થિતિ વર્ષ દરમિયાન નિર્માણ પામે છે. હજારો વાહન ચાલકો અકસ્માતમાં મૃત્યુ પામે છે. ત્યારે જનજાગૃતિ માટે તા. ૧૧ થી ૧૭ જાન્યુઆરી દરમિયાન ટ્રાફિક માર્ગ સલામતી સપ્તાહ નિમિત્તે લોક જાગૃતિ અંગે વિવિધ કાર્યક્રમ યોજવામાં આવશે.

શહેરમાં મુખ્યમાર્ગો અને આંતરિક માર્ગો ઉપર રોજ બરોજ અનેક અકસ્માતો સર્જાય છે. શહેરમાં અનેક લબર મૂછીયા અસ્માતો નોંતરે છે ત્યારે આવા લોકોને ટ્રાફિક વિશેની સમજ અને જાગૃતિ આવે તે માટે ઉજવણી કરવામાં આવશે.

ટ્રાફિક સપ્તાહ ઉજવણી કરવામાં તંત્ર સફાળું જાગી ઉઠયું છે ત્યારે આમ આદમી પણ વિમાસણમાં મુકાઈ ગયો છે. શહેરમાં ટ્રાફિક સિગ્નલો ડેલીએ હાથ લગાડીને ગયા તે ગયા. થાંભલા ઉભા છે પણ સિગ્નલો બંધ છે ત્યારે જાગૃતિ કેવી રીતે આવશે તે પણ એક પ્રશ્ન છે.

દર વર્ષે ઉજવવામાં આવતા માર્ગ સલામતી સપ્તાહ દરમિયાન જાગૃતિ લાવવા તંત્ર જાગી ઉઠયું છે. શહેરમાં જનજાગૃતિ લાવવા વિવિધ લોકજાગૃતિ અંગેના કાર્યક્રમ તા. ૧૧ થી ૧૭ જાન્યુઆરી દરમિયાન યોજાશે. તંત્ર દ્વારા વાસ્તવિકતા સમજી નકકર પગલા ભરવામાં આવે તેવું લોકો ઈચ્છી રહ્યા છે.

સે-૨૯નાં સરકારી મકાનમાં મોડી રાત્રે તસ્કર ટોળકી ત્રાટકી

ગાંધીનગર, તા.૧

ગાંધીનગર શહેરના સે-૨૯ ચ ટાઈપ ખાતે સરકારી મકાનમાં ગઈ મોડી રાત્રે તસ્કરો ઘુસ્યા હતાં. એક મકાનના દરવાજા નીચે લોખંડની કોંસ મારીને દરવાજો તોડી રહ્યા હતા તેનો અવાજ આવી જતાં અંદર સુતેલા મકાન માલિક જાગી ગયાં હતાં. મકાન માલિકે કોણ છે. બુમ પાડતા તસ્કરો ત્યાંથી રફુચક્કર થઈ ગયા હતાં. ઘરફોડ ચોરીનો નિષ્ફળ પ્રયાસ મકાન માલિકે પોલીસને જાણ કરતા સે-૨૧ પોલીસે જાણવાજોગ અરજી લઈ તપાસ શરુ કરી છે.

સેકટર-૨૯નાં ચ ટાઈપ બ્લોક નં. ૨૫૭ની આજુબાજુના વિસ્તારમાં ચોરીઓના બનાવ અગાઉ પણ બની ચુકયા છે. એકાદ માસ પહેલા આ જ બ્લોકમાં પાર્ક થયેલી સ્કાલા ગાડીનો લોગો ચોરાયો હતો જયારે ગત રાત્રે પણ તસ્કરો આ બ્લોકમાં ઘુસ્યા હતાં. રાત્રે ૩ વાગ્યાના અરસામાં બ્લોકના મકાન નં. એ-૫ને તસ્કરોએ નિશાન બનાવ્યું હતું.

આ મકાનમાં રહેતા કડી બી.એડ. કોલેજમાં પ્રાધ્યાપક તરીકે ફરજ બજાવતા દેવાંગભાઈ મહેતા તેમના પરિવાર સાથે રાત્રે સુતા હતા તે દરમિયાન તસ્કરોએ તેમના મકાનના દરવાજાને નીચેથી લોખંડની કોંસ મારીને દરવાજો તોડવાનો પ્રયત્ન કર્યો હતો. પ્રોફેસર દેવાંગભાઈ મહેતા અવાજ સાંભળીને જાગી ગયા હતા જેથી તસ્કરોએ પળવારમાં જ જગ્યા છોડી દીધી અને અંધારામાં ઓગળી ગયા હતાં.

સરગાસણની પરિણીતાએ ગળે ફાંસો ખાઈ જીવન ટુંકાવ્યું

પાંચ વર્ષ અગાઉ જ લગ્ન થયા હતા : ઘર કંકાશથી કંટાળી આપઘાત કર્યો હોવાની આશંકા

ગાંધીનગર, તા.૧

ગાંધીનગર નજીકમાં સરગાસણ ગામની સીમમાં સ્થિત સાયનો હાઈટ ફલેટમાં આજે સવારનાં અરસામાં ૨૯ વર્ષીય પરિણીતાએ કોઈ અગમ્ય કારણોસર ગળે ફાંસો ખાઈ આપઘાત કરી લીધો હતો. આ બનાવ અંગે સે-૭ પોલીસને જાણ થતા પીએસઆઈ જી.કે. પરમાર ઘટના સ્થળે પહોંચી ગયા હતા અને મૃતદેહ પી.એમ. કરાવી આપઘાતનું ચોકકસ કારણ બહાર લાવવા તપાસ શરુ કરી છે.

સરગાસણ ગામની સીમમાં આવેલા સાઈનો હાઈટ ફલેટના મકાન નં. ૨૦૧ ખાતે રહેતી ૨૯ વર્ષીય પરિણીતા નિમીષાબેન જીગ્નેશભાઈ પંડયાના લગ્ન પાંચ વર્ષ અગાઉ થયા હતાં આજે સવારના અરસામાં નિમીષાબેને કોઈ કારણોસર ગળે ફાંસો ખાઈ લીધો હતો. તેણીએ આપઘાત કયાં કારણોસર કર્યો તે બાબત હજુ સ્પષ્ટ થઈ નથી પરંતુ પોલીસની પ્રાથમિક તપાસમાં ઘરકંકાશથી કંટાળી અંતિમ પગલું ભર્યું હોવાનું જાણવા મળ્યું છે. પી.એસ.આઈ. જી.કે. પરમારે અકસ્માત મોતનો ગુનો દાખલ કરીને આ ઘટનાની ઝીણવટભરી તપાસ શરુ કરી છે.

રાસાયણિક ખાતરની અછતથી ચિલોડાના ખેડૂતો ચિંતીત

ખાતર લેવા લાંબી કતારો લગાવતા ખેડૂતો

(તસવીર : નટુભાઈ પટેલ, ચિલોડા)

ચિલોડા, તા.૧

રાજયમાં જેમ જેમ ઠંડી વધી રહી છે તેમ તેમ રવિપાકો થી ખેતરો લહેરાઈ રહ્યા છે. ખેતરોમાં પાક તૈયાર થઈ ગયો છે ત્યારે છેલ્લા તબક્કામાં વધુ ઉપજ મેળવવા નાંખવામાં આવતા યુરિયા ખાતરની તીવ્ર અછતથી ખેડૂતો મુંઝાઈ ગયા છે.

હાલના તબક્કે ચિલોડા એ આજુ બાજુના ગામડાઓ માટેનું મુખ્ય મથક બની ગયુ છે. ચિલોડા સેવા સહકાર મંડળી ખાતે વેચાણ થતા યુરિયા ખાતર મેળવવા ખેડૂતો લાંબી કતારો લગાવી રહ્યા છે. સવારથી લાંબી લાઈનો લગાવી યુરિયા ખાતર ન મળવાથી ખેડૂતો પોતાનો બળાપો સરકાર સામે કાઢી રહ્યા છે. ઘઉંનું વાવેતર પૂર્ણ થઈ ગયું છે અને પાક છેલ્લા તબક્કામાં હોવાથી ખેડૂતોને ખાતર નાંખવું પડતું હોય છે. ત્યારે ખાતરની અછતથી ખેડૂતો ચિંતિત થઈ ગયા છે. અવાર નવાર ખાતરની અછતથી ખેડૂતો પણ વિમાસણમાં મુકાઈ ગયા છે. મોડે મોડે પણ ખેડૂતોને યુરિયા ખાતર મળી રહે તે માટે સરકાર દ્વારા વ્યવસથા કરવામાં આવે તો ખેડૂતોના મોંઢામાં આવેલો કોળિયો ઝુંટવાઈ ન જાય.

આજે ગાંધીનગરમાં

આજનો દિવસ

સૂર્યોદય : ૬.૧૬
સૂર્યાસ્ત : ૫.૫૭

તાપમાન

મહત્તમ : ૨૨.૦ ડિ.સે.
લઘુત્તમ : ૧૨.૦ ડિ.સે.

ભેજનું પ્રમાણ

સવારે ૬૮ ટકા ● સાંજે ૬૯ ટકા

મનોરંજન

સિને મેક્સ

: સ્ક્રીન-૧ :
ધૂમ-૩ : ૧૧.૧૦, ૨.૪૦, ૬.૨૫, ૧૦.૧૦
: સ્ક્રીન-૨ :
ધૂમ-૩ : ૯.૧૦, ૧૨.૪૦, ૪.૨૫, ૮.૧૦
: સ્ક્રીન-૩ :
ધૂમ-૩ : ૧૦.૧૦, ૫.૨૫, ૯.૧૦
મહાભારત (એનીમેટેડ) : ૧.૪૦
: સ્ક્રીન-૪ :
ધૂમ-૩ : ૮.૧૦, ૧૧.૪૦, ૩.૨૫, ૧૦.૫૫
મહાભારત (એનીમેટેડ) : ૭.૧૦

આર વર્લ્ડ

: સ્ક્રીન-૧ :
ધૂમ-૩ : ૯.૦૦, ૧૨.૧૫, ૩.૩૦, ૬.૩૦, ૧૦.૩૦
: સ્ક્રીન-૨ :
ધૂમ-૩ : ૧૧.૦૦, ૨.૩૦, ૬.૦૦, ૯.૩૦
: સ્ક્રીન-૩ :
ધૂમ-૩ : ૧૧.૩૦, ૩.૦૦, ૭.૦૦, ૧૦.૦૦

સૂર્યા, વાવોલ

ધૂમ-૩ : ૧૨.૪૫, ૩.૪૫, ૯.૪૫
મારા રાજ ઠાકોરની ચુંદડી : ૧૨.૩૦, ૩.૩૦, ૯.૩૦

મૂવી પ્લેક્સ, કલોલ

: સ્ક્રીન-૧ :
ધૂમ-૩ : ૯.૩૦, ૧૨.૪૫, ૪.૦૦, ૭.૧૫, ૧૦.૩૦
: સ્ક્રીન-૨ :
ધૂમ-૩ : ૧૦.૩૦, ૨.૦૦, ૫.૩૦, ૯.૦૦
: સ્ક્રીન-૩ :
આર..કુમાર : ૧૦.૦૦, ૧.૦૦, ૪.૦૦, ૭.૦૦, ૧૦.૦૦

સિરાગ, કલોલગ, કલોલ

ધૂમ-૩ : ૧૨.૩૦, ૩.૩૦, ૬.૩૦, ૯.૩૦

ટાઉન હોલ

● કલ્ચરલ ફોરમ ગાંધીનગર દ્વારા નાટક 'મન મળે ત્યાં મેળો' રાત્રે ૯.૩૦ કલાકે.

આપની આજ

મેષ : નવા સંબંધો લાભદાયક રહેશે. આપ કોઈપણ પ્રકારના વ્યર્થ ભ્રમમાં ન રહેતા સ્વવિવેકથી કામ કરશો તો સફળતા સંભવ છે. કુટુંબના સભ્યો સાથે મતભેદ ન થાય તેની કાળજી રાખવી.

વૃષભ : નોકરી, વ્યાપાર, રોજગારમાં સમય પર નિર્ણય ન લેવાથી હાનિ થઈ શકે છે. મિત્રો અને કુટુંબના સભ્યો સહિત પોતાની આંતરિક પ્રસન્નતા.આવક- ખર્ચમાં સંતોલન રહેશે. કાર્યક્ષમતામાં વૃદ્ધિ થશે.

મિથુન : આપના થકી વ્યવસાયિક ક્ષેત્રે નવી યોજના બની શકશે જેનો લાભ ભવિષ્યમાં થશે. પ્રયત્નો ચાલુ રાખવા. કુટુંબીજનો સાથે સામજસ્ય બન્યું રહેવાની સંભાવના છે.

કર્ક : મૂડી રોકાણમાં લાભ થવાની સંભાવના છે. તમારા કાર્યોની સમાજમાં અને વ્યવસાયક્ષેત્રે નોંધપાત્ર પ્રશંસા થશે. જમીન-મકાન ખરીદવાની આકાંક્ષા પૂર્ણ થવાની સંભાવના રહેશે.

સિંહ : મિત્ર વર્ગ, સંતાન પક્ષ સંબંધી કાર્યોમાં ધન ખર્ચ થશે. વ્યાપાર- વ્યવસાયક્ષેત્રે સમસ્યાઓ હોવાં છતાં કાર્ય થવાનો યોગ બની રહ્યો છે. આર્થિક લાભનાં સ્ત્રોતોથી સંબંધી ઉત્પન્ન થયેલી સમસ્યાઓ છતાં કાર્ય પૂર્ણ થવાની સંભાવના છે.

કન્યા : લાંબા સમયથી ચાલી રહેલી કૌટુંબિક સમસ્યાઓનું સમાધન થઈ શકશે. પ્રતિસ્પર્ધામાં વિજય પ્રાપ્ત થવાની સંભાવના છે. વેપાર- ધંધા સારા અને લાભપ્રદ આર્થિક લાભની તક પ્રાપ્ત થવાના યોગ પ્રબળ બની રહ્યા છે.

તુલા : આપનામાં આંતરીક પ્રભાવ વધવાથી શત્રુને પરાસ્ત કરી શકશો. ગહન શોધ, જ્ઞાન તેમજ આધ્યાત્મનાં અગત્યનાં કાર્યોમાં ગહન શોધ કાર્ય થશે. કર્મકાંડ આધ્યાત્મ સંબંધી કાર્યોમાં મન લાગશે.

વૃશ્ચિક : અટકેલા કાર્ય સમય પર પૂરા કરવા આપ કટીબદ્ધ બનશો. વ્યકિતગત કાર્યોમાં ઉન્નતિ પ્રાપ્ત થશે. કાયદાકીય બાબતોમાં આત્મવિશ્વાસમાં કમી આવવાની સંભાવના છે.

ધન : મિલકત સંબંધી કાર્યોમાં સક્રિયતા વધશે. અટવાયેલા નાણાં પરત મળી શકે છે. સંચિત ધનમાં વૃદ્ધિનો યોગ બની રહ્યો છે. ધર્મના ક્ષેત્રમાં વિશેષ રુચિ જાગૃત થઈ શકશે.

મકર : સામાજિક ક્ષેત્રોથી લાભ મળી શકશે. સ્થાયી મિલકત, વાહન ખરીદીનો યોગ બને છે. જૂના કાર્યોમાં ઉભી થયેલી સમસ્યાઓનું નિરાકરણ થઈ શકશે. ઉદર વિકારને કારણે ખાનપાન પર સંયમ રાખવું.

કુંભ : વિદ્યાર્થી પોતાની મહેનતથી આગળ વધશે. સામાજિક ક્ષેત્રમાં પ્રતિષ્ઠામાં વધારો થઈ શકે છે. કોઈ વરિષ્ઠ વ્યક્તિઓ અને નિતિગત સમસ્યાઓ પર સમય અને ધન ખર્ચ થવાની સંભાવના રહેલી છે.

મીન : કલાક્ષેત્ર સાથે સંકળાયેલ વ્યક્તિઓને લાભ પ્રાપ્તિનો યોગ. કર્મક્ષેત્રમાં ઉચ્ચસ્તરીય કાર્ય થશે. વ્યાપારિક ભાગીદારી, કૌટુંબિક વિવાદ વગેરે માટે ભાગ્યવર્ધક યાત્રા- પ્રવાસનો યોગ બને છે.

ચિરવિદાય

● સ્વ. રજનીકાન્ત રામપ્રસાદ દવે (ઉ.વ. ૬૧) પ્લોટ નં. ૧૪૯૬/૨, સેકટર-૩/ડી, ગાંધીનગર.
● સ્વ. તારાબેન કાન્તીલાલ રાવલ (ઉ.વ. ૮૦) પ્લોટ નં. ૧૬૧૦/૧, સેકટર-૫/સી, ગાંધીનગર.
● સ્વ. મેનાબેન માનસંઘજી ઠાકોર (ઉ.વ. ૬૫) મુ.પો. આમજા, તા. કલોલ, જિ. ગાંધીનગર.